વડોદરાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (સી.પી.ચારણ)
સાહેબ ની કોર્ટમાં, ( ચોથી કોર્ટ),વડોદરા.

ફોજદારી કેસ નંબર–૩૬૮૪૫/૨૦૦૭.

આંક :

ફરિયાદી : શ્રી સરકાર..

વિરૂઘ્ધ..

આરોપી : ૧.રતનસિંહ બી. પઢીયાર
રહે. રેઢીયાપુરા, પો.નંદેસરી, જી. વડોદરા

આરોપ : એજાર્ડસ વેસ્ટ ( મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ ) રુલ્સ ૧૯૮૯ ના નિયમ – ૫ ના ભંગ બદલ તેમજ પર્યાવરણ સુરક્ષા ધારાની કલમ–૧૫ મુજબ શિક્ષાને પાત્ર.

**<u>ચૂ કા દો</u>**

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ એજાર્ડસ વેસ્ટ ( મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ ) રુલ્સ ૧૯૮૯ ના નિયમ – ૫ ના ભંગ બદલ તેમજ પર્યાવરણ સુરક્ષા ધારાની કલમ–૧૫ મુજબ ની ફરીયાદ રજુ કરેલ છે.

૨. આરોપી આજ રોજ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર થઇ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છા પુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી

આપી રહેમ કરવા રજુઆત કરેલ છે વધુમાં રજૂઆત કરેલ છે કે આરોપી હાલમાં કીડની ની બીમારી થી પીડીત છે અને ડાયાલીસીસ વારંવાર કરાવી પડે છે.આ રોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોકત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતના લક્ષમાં લેતાં આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવીથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક-સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામના આરોપી ને એજાર્ડસ વેસ્ટ ( મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ ) રુલ્સ ૧૯ ૮૯ ના નિયમ – ૫ ના ભંગ બદલ તેમજ પર્યાવરણ સુરક્ષા ધારાની કલમ-૧૫ મુજબ ના ગુના સબબ સી.આર.પી.સી.ની કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦,૦૦૦/– ( દસ હજાર પુરા )નો દંડ, દંડ ના ભરે તો દિન-૧૫ ની સાદી કેદની સજા તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને કુલ્લે રૂા.૧૦,૦૦૦/–(દસ હજાર પુરા) પુરાનો દંડ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી સમજાવી જાહેર કર્યો.

વડોદરા.

તા. ૧૩-૦૭-૨૦૧૯.

( સી.પી.ચારણ )
જ્યુડી. મેજી.ફ.ક. ચોથી કોર્ટ, વડોદરા.
GJ01483